**અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક/ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના હેઠળ વાર્ષિક આવક મર્યાદા વધારવા બાબત (અનુસુચિત જાતિના વિકલાંગો માટે)**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક :-અપગ/૧૦૨૦૦૭/ન.બા.૭/છ-૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ :- /૩/૨૦૦૮

**વંચાણે લીધા :-**

3 1 ... 2008

(૧)નિયામક,સમાજ સુરક્ષા ખાતાનો તા.૪/૩/૨૦૦૮નો પત્ર ક્ર.યજન/નબા/૦૭-૦૮/૭૪
(૨)સા.ન્યા.અને અ.વિભાગનો તા.૭/૧૧/૨૦૦૭નો ઠરાવ ક્ર.:- અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૪/છ-૧

**આમુખ :-**

ઉપરોક્ત સંદર્ભ ક્રમાંક (૨) આગળ દર્શાવેલ ઠરાવથી અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક/ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના હેઠળરૂા-૧૧,૦૦૦/-ની વાર્ષિક આવકમર્યાદા ધરાવતા ૫ થી ૫૦ વર્ષની વયના અપંગ,અંધ તથા બહેરા મૂંગા વ્યક્તિઓને તેઓની અપંગતામાં રાહત થાય તે હેતુથી તેમજ તેઓના પુનઃસ્થાપનમાં ઉપયોગી નીવડે તે હેતુથી કેટલાક સાધનો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે.આ વાર્ષિક આવક મર્યાદા વધારવાની બાબતે નિયામક સમાજ સુરક્ષા ખાતા તરફથી સંદર્ભ (૧) આગળના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે અનુસુચિત જાતિના અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક/ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના હેઠળની વાર્ષિક આવક મર્યાદા રૂા-૧૧,૦૦૦/-થી વધારી રૂા-૨૫,૦૦૦/- કરવા રૂા-૬.૨૮ લાખની નવી બાબત હેઠળ સન ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવેલ છે તેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પુખ્ત વિચારણાને અંતે અનુસુચિત જન જાતિના અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક/ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના હેઠળની વાર્ષિક આવક મર્યાદા રૂા-૧૧,૦૦૦/-થી વધારી રૂા-૨૫,૦૦૦/- કરવાની રૂા-૬.૨૮ લાખની દરખાસ્તને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.**

**(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.**

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૫૦

(૩) આ યોજનાના ઠરાવની મૂળ શરતો /જોગવાઇ યથાવત રહેશે અને આ અંગેનો કોઇ વધારાનો ખર્ચ મળવાપાત્ર થશે નહીં.

(૪) આ યોજના અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૦૮ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષના અંદાજ પત્ર સદર માંગણી નં.૯૫,- ૨૨૩૫- સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ૦૨-સમાજ કલ્યાણ, ૧૦૧- વિકલાંગોનું કલ્યાણ, ૦૫-એસ.સી.ડબલ્યુ.-૭ અપંગોને કૃત્રિમ અંગો અને શૈક્ષણિક તથા શ્રાવ્ય સાધનો પુરા પાડવા (પ્લાન) હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૩/૨૦૦૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( જયદીપ દ્રિવેદી )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

મા.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતા મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
શાખા ફાઇલ.